બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા,ઘટાડા તથા ગ્રાન્ટ કાપની માર્ગદર્શક સુનાઓ બહાર પાડવા બાબત. (સુધારો)

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક :- ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧.
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૧-૦૮-૨૦૧૧.

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૮-૦૩-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક :- ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧.

આમુખ :

ઉપર વંચાણે લીધેલા ક્રમાંક: (૧) ના શિક્ષણ વિભાગના ઠરાવના ફકરા ૨ (૧) (i) માં નીચે મુજબની જોગવાઇ કરવામાં આવેલ છે.

"જે શાળામાં, જે તે ધોરણના વધારાના વર્ગો મંજૂર થયાના પ્રથમ વર્ષ પછી, જે તે ધોરણના વધારાના વર્ગ સહિતની રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓની સંખ્યા (Enrolment)માં સતત ઘટાડો થાય અને બીજા વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યા દરેક ધોરણના વધારાના વર્ગ સહિત, વર્ગ વધારો મંજૂર કરતી વખતે (પ્રથમ વર્ષે) ધ્યાને લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉપર ક્રમ ૧ (૧) (i) અને ૧ (૧) (ii) મુજબ નિયત સંખ્યા કરતાં વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યા ઓછી થાય તથા દૈનિક સરાસરી હાજરીમાં ઘટાડો થાય ત્યારે, બીજા શૈક્ષણિક વર્ષથી વર્ગ ઘટાડો આપવાનો રહેશે **જે આગામી પાંચ વર્ષ સુધી કોઇ પણ સંજોગોમાં પાછો મળશે નહિ.**"

આ બાબતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના એક સભ્યશ્રી તરફથી એવી રજૂઆત કરવામાં આવેલ હતી કે વર્ગ દીઠ વિદ્યાર્થીઓની સરેરાશ હાજરી અને નિયત સંખ્યા જળવાતી ન હોય તો, વર્ગ ઘટાડો આપવો જોઇએ પરંતુ પાંચ વર્ષ સુધી નવો વર્ગ નહિ આપવાની જોગવાઇને કારણે વર્ગ બંધ થયા બાદ પછીના વર્ષે પુરતી સંખ્યા હોવા છતાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાતો નથી અને તેના કારણે ઘણી વખત વિદ્યાર્થીઓ અભ્યાસ છોડી દેતા હોય છે પરિણામે "Drop out Ratio" ઘટાડવાનો સરકારનો હેતુ જળવાતો નથી. આથી પાંચ વર્ષ સુધી વર્ગ વધારો નહિ આપવાની જોગવાઇ રદ કરવી જોઇએ. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ :-

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવના ફકરા :- ૨ (૧) (i) માંથી "....જે આગામી પાંચ વર્ષ સુધી કોઇપણ સંજોગોમા પાછો મળશે નહીં" શબ્દો આથી રદ કરવામાં આવે છે.

ફકરા ૨ (૧) (i) ની સુધારેલી જોગવાઇ નીચે મુજબ વંચાણે લેવી

"જે શાળામાં, જે તે ધોરણના વધારાના વર્ગો મંજૂર થયાના પ્રથમ વર્ષ પછી, જે તે ધોરણના વધારાના વર્ગ સહિતની રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યા (Enrolment)માં સતત ઘટાડો થાય અને બીજા વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યા દરેક ધોરણના વધારાના વર્ગ સહિત, વર્ગ વધારો મંજૂર કરતી વખતે (પ્રથમ વર્ષે) ધ્યાને લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉપર ક્રમ ૧ (૧) (i) અને ૧ (૧) (ii) મુજબ નિયત સંખ્યા કરતાં વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યા ઓછી થાય તથા દૈનિક સરાસરી હાજરીમાં ઘટાડો થાય ત્યારે, બીજા શૈક્ષણિક વર્ષથી વર્ગ ઘટાડો આપવાનો રહેશે.

સંદર્ભ-૧ ના તા.૮-૩-૨૦૧૧ ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારની તા.૦૯-૦૮-૨૦૧૧ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એલ. પટેલ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ

માન. રાજયપાલશ્રીના સચિવશ્રી,(પત્ર દ્વારા)
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,
માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.રાજય કક્ષાના મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.રા.ક મંત્રીશ્રી (ઉચ્ચ અને ટે.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી (શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
કમિશનરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી ગાંધીનગર
સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ,
સબંધીત માન્ય મંડળો,(કમિશ્નરશ્રી શાળઓ મારફતે)
સેકશન અધિકારીશ્રી, ગ,ગ.૧ અને છ-શાખા, શિક્ષણ વિભાગ,
પસંદગી ફાઇલ/નાયબ સેકશન અધિકારીશ્રી સીલેકટ ફાઇલ.